Volume 3, Issue 11
February
2026

# ટપક E-MAGAZINE

૨૬ – ઓમનગર (૩), જી.આઇ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

**સ્ટેકહોલ્ડર પોતાની સહભાગિતા થકી કાર્યક્રમને પોતાનો કાર્યક્રમ માની સામેલ થાય તેવી બાબતો અંગે સંસ્થાની સિનિયર ટીમ સાથે ચર્ચા કરવા માટે ઉન્નતિના ડાયરેક્ટર બિનોય આચાર્યજી ૧૭મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ સંસ્થા ખાતે હાજર રહ્યા હતા.**














Share your review



www.sskkamreli.org
info@sskkamreli.org

ટપક E-MAGAZINE
Volume 3, Issue 11
February 2026

**ફેબ્રુઆરી મહિના દરમિયાન પાણી અને માટીના નમૂના એકત્રીકરણ, કેલેન્ડર વિતરણ, ક્ષેત્ર મુલાકાત, NIC મુલાકાત, બાયોચાર નિદર્શન અને તેની મુલાકાત, LG મીટિંગ, મજૂર મીટિંગ, દિવાલ પેઈન્ટિંગ, કુદરતી ઈનપુટ સેન્ટર અને ઉદ્યોગસાહસિક મુલાકાત જેવી ક્ષેત્રીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી.**



**તા. ૧૭મી ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ નેશનલ લો સ્કુલ ઓફ ઇન્ડિયા યુનીવર્સીટીના વિદ્યાર્થીઓ સંસ્થાની મુલાકાતે આવ્યા. તેમને સંસ્થાની કામગીરીથી વાકેફ કર્યા તથા તેમની સાથે સંસ્થાને લગતી કાયદાકીય અને પોલિસી બાબતે સંવાદ થયો.**



**SSKK, આશીર્વાદ ફાઉન્ડેશન અને જિલ્લા મહિલા અને બાળ વિકાસ કાર્યાલયના સંકલનથી ૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ વિશ્વ કેન્સર દિવસ પર જેન્ડર સેન્સેરટાઈઝેશન, મહિલાઓ સંબંધિત કાયદાઓ અને કેન્સર અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં ૮૦ મહિલાઓએ ભાગ લીધો હતો જેમણે સ્ક્રીનિંગ કેમ્પ માટે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.**















૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ લાઠી રોડ, અમરેલી સ્થિત સાયલેજ ભુસુ બનાવતા પ્લાન્ટની મુલાકાત લઈને સાયલેજ બનાવવાની પ્રક્રિયા, ગુણવત્તા, નિયંત્રણ અને સંગ્રહ પદ્ધતિ અંગે પ્રાયોગિક સમજ મેળવી. પ્લાન્ટમાં ૯૦-૧૦૦ કિગ્રા વજનની બેલ તૈયાર કરી ૭.૫ રૂ./કિગ્રા દરે પશુપાલકોને વર્ષભર ગુણવત્તાયુક્ત ચારો ઉપલબ્ધ કરાવવામાં આવે છે.








તા. ૧૪ અને ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ કેરીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આશીર્વાદ ફાઉન્ડેશનના સંકલનથી બ્રેસ્ટ કેન્સર સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન થયું. જેમાં કુલ ૬૪ મહિલાઓનું ચેકઅપ કરવામાં આવ્યું અને તમામ રિપોર્ટ નોર્મલ આવ્યા. કાર્યક્રમ દરમિયાન કેન્સર જાગૃતિ સાથે મહિલાઓ લક્ષી યોજનાઓ, જંતુનાશકોની આડઅસરો અને ખેતીમાં મહિલાઓની ભાગીદારી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.











ટપક E-MAGAZINE
Volume 3, Issue 11
February 2026

**સંકલિત કૃષિ વિકાસ અને વૃદ્ધિ (IADLE) કાર્યક્રમ અંતર્ગત કૃષિલક્ષી પ્રેરણા પ્રવાસ તા. ૧૬ અને ૧૭મી ફેબ્રુઆરીના રોજ જુનાગઢ કૃષિ યુનીવર્સીટી ખાતે યોજવામાં આવ્યો.**









**IADLE કાર્યક્રમમાં ખત્રીવાડા, ખજુદ્રા અને સીમર ગામમાં આંતરિક નિરીક્ષણના ભાગ રૂપે ફિલ્ડ વિઝીટ અને રૂબરૂ મુલાકાત યોજાઈ ગઈ. જેમાં IADLE ટીમ, ગોંડલ ટીમ અને સંસ્થાના ડાયરેક્ટર ધીરુભાઈ વાગડિયા, જાનકીબેન અને નરેન્દ્રભાઈ સહભાગી થયા હતા.**







તા. ૨૦/૦૨/૨૦૨૬ ના રોજ ઉના તાલુકાના સીમર ગામે અને તા. ૨૩/૦૨/૨૦૨૬ના રોજ દુધાળા ખાતે "સંકલિત કૃષિ વિકાસ અને આજીવીકા વૃદ્ધિ" કાર્યક્રમ અંતર્ગત શિયાળુ પાક વ્યવસ્થાપન, સંગ્રહ-વેચાણ, વર્મીકમ્પોસ્ટ-વર્મીવોશ, પ્રાકૃતિક ખેતી અને પશુપાલન આરોગ્ય વિષયક તાલીમ યોજાઈ. કાયક્રમ દરમિયાન પ્રોજેક્ટ પ્રવૃત્તિઓ પર ચર્ચા અને સવાલ-જવાબ સત્ર પણ યોજાયું.







૨૪ થી ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન બેટર કોટન ઈનિસિએટીવ અને જૈવિક નિયંત્રણ સંશોધન પ્રયોગશાળા, AAU - આણંદના સંયુક્ત ઉપક્રમે ટકાઉ કપાસ ઉત્પાદન માટે બાયોકન્ટ્રોલ એજન્ટ્સના માસ પ્રોડક્શન વિષયક તાલીમ કાર્યક્રમનું આયોજન આણંદ કૃષિ યુનીવર્સીટી ખાતે કરવામાં આવ્યું. જેમાં સંસ્થામાંથી કૌશિક પંડ્યા હાજર રહી પ્રાયોગિક અને તકનીકી જ્ઞાન પ્રાપ્ત કર્યું.







**૧૦/૦૨/૨૦૨૬ ના રોજ, નેચરલ ફાર્મિંગ ડેવલોપમેન્ટ બોર્ડ દ્વારા નેચરલ ફાર્મિંગ કોલેજ ખાતે વિવિધ રવિ પાકની જાતોનું નિદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં માચીયાળા, શેડુભાર, રાંઢીયા, પ્રતાપપરા અને ખીજડિયા રાદડિયા ગામના ખેડૂતોને આમંત્રિત કરી તેમને વિવિધ પાકની જાતો વિશે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી.**






**૨૦-૦૨-૨૦૨૬ ના રોજ નેચરલ ફાર્મિંગ ડેવલોપમેન્ટ બોર્ડ દ્વારા કુદરતી ખેતીના મોડેલ ફાર્મ ખાતે એક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિતલ, જસવંતગઢ, ખીજડિયા રાદડિયા, મોટા માચીયાળા અને શેડુભારના કાર્યવિસ્તારોના ખેડૂતોને અહી મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા અને કુદરતી ખેતી પદ્ધતિઓ પર વ્યવહારુ તાલીમ આપવામાં આવી હતી.**



**બેટર કોટન પ્રોગ્રામ હેઠળ સંસ્થાએ સિવણની ૧૧ ઉદ્યોગસાહસિક મહિલાઓને તેમના કામને ટેકો આપવા અને તેમની ઉત્પાદકતા વધારવા માટે કટિંગ ટેબલ પૂરા પાડ્યા હતા.**





**નવા ઉગલા ગામે બાગાયત વિભાગ સાથે જોડાણ કરી મહિલા વૃતિકા યોજના હેઠળ ફળ શાકભાજી પરીક્ષણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાકભાજી અને ફળમાંથી બનતી વાનગીઓ શીખડાવામાં આવી અને તેનું વેચાણ કઈ રીતે કરવું અને તેની પણ સમજ આપવામાં આવી. આ તાલીમમાં ૨૧ બહેનો હાજર રહ્યા હતા.**















**તા. ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સોંદરડી પ્રાથમિક શાળાના ૫૦ વિધ્યાર્થીઓને NIC અને પ્રાકૃતિક મોડલ ફાર્મની મુલાકાત કરાવવામાં આવી.**





**પસવાળા ગામના ખેડૂત દ્વારા ટીંડોરા (શાકભાજી) વેલાના ૧૦૦ થી વધુ રોપા તૈયાર કરવામાં આવ્યા હતા.**



**ગોંડલ ક્લસ્ટરમાં ૯ ચેક ડેમના કામો અને ૮૫ પાકા કાઢીયાના કામો સફળતાપૂર્વક પૂર્ણ થયા છે. જેનાથી ગ્રામીણ વિસ્તારોમાં પાણીની ઉપલબ્ધતામાં વધારો થશે અને ખેતીની પ્રવૃત્તિઓને ટેકો મળશે.**



## સારી કૃષિ પદ્ધતિઓના પ્રોત્સાહન માટે સોલાર રડાર લાઇટ ટ્રેપ, ફેરોમોન ટ્રેપ અને લ્યુર, પીળી સ્ટીકી નોટ અને ઓર્ગેનિક કાર્બન અને NPK કંસોટિયા બેક્ટેરિયા જેવી પ્રવૃત્તિ અને સહાય ૮૮ ખેડૂતો માટે હાથ ધરવામાં આવી હતી.








## આ મહિને બાયોચાર પ્રદર્શન અને વ્યવહારીક રીતે બાયોચાર તૈયાર કરવાની પ્રક્રિયા માટે બે ફાર્મર ફિલ્ડ સ્કુલ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં ૫૧ ખેડૂતોએ ભાગ લીધો હતો.








**૪૪૮ મહિલાઓને તેમના જ્વેલરીના કામને વધારવા માટે ટેબલ આપવામાં આવ્યા હતા. ઉપરાંત ૨૭ મહિલાઓને પીવાના પાણીની ટાંકી અને ૧૭ મહિલાઓને પ્રાણીઓ માટે સ્વચાલિત પીવાના પાણીની ટાંકી આપવામાં આવી હતી.**








**ખેડૂત આઈ પોર્ટલ સબસિડી, PMJAY (આયુષ્માન કાર્ડ), જોબ કાર્ડ અને Ekyc જેવી વિવિધ યોજનાઓ સાથે ૪ ગામોના ૧૪૧ પુરુષો અને ૮૯ મહિલાઓનું નાણાકીય જોડાણ કર્યું. ગોંડલ ક્લસ્ટરના ૫ ગામોમાં ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા માટે ૧૨૧ મહિલાઓ સાથે ૧ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.**





ટપક E-MAGAZINE
Volume 3, Issue 11
February 2026

‘Rural Transformation Partnership Meet 2026’ નું આયોજન ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ મુંબઈ ખાતે રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ૪૧થી વધુ ભાગીદાર સંસ્થાઓએ ભાગ લીધો હતો, જેમાં સહકાર, શીખવા અને સામૂહિક પ્રગતિ વિષે કેન્દ્રિત રાઉન્ડટેબલ ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં સંસ્થાના ડાયરેક્ટર ધીરુભાઈ વાગડિયાએ સંસ્થાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.




Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

GREATNONPROFITS 2023 TOP-RATED NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org

Share your review



www.sskkamreli.org info@sskkamreli.org